Friday
01.03.2024
વિકાસસેતુ વિકાસ યાત્રા
Volume :8 Issue No.219
Email.: kamalamgujarat@gmail.com
www.kamalamgujarat.com
Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્ Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 Page :04 Rs. 00.25/- Annual Rs. 90/-

અગાલેગા ટાપુ પર છ સમુદાયિક વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન કર્યું

"મોરેશિયસ અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસીમાં મહત્વપૂર્ણ ભાગીદાર છે"

પ્રધાનમંત્રી અને મોરેશિયસનાં પ્રધાનમંત્રીએ મોરેશિયસમાં અગાલેગા ટાપુ પર નવી એરસ્ટ્રીપ અને એક જેટ્ટીનું સંયુક્તપણે ઉદઘાટન કર્યું

"મોરેશિયસ આપણી જન ઔષધિ પહેલમાં સામેલ થનારો પ્રથમ દેશ હશે. આ સાથે મોરેશિયસના લોકોને વધુ સારી ગુણવત્તાની મેડ-ઇન-ઇન્ડિયા જેનેરિક દવાઓનો લાભ મળશે"



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસનાં પ્રધાન મંત્રી મહામહિમ શ્રી પ્રવિન્દ જગન્નાથ આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે મોરેશિયસમાં અગાલેગા ટાપુ પર છ સામુદાયિક વિકાસલક્ષી પરિયોજનાઓની સાથે નવી એરસ્ટ્રીપ અને સેન્ટ જેમ્સ જેટીનું સંયુક્તપણે ઉદઘાટન કર્યુંહતું. આ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન ભારત અને મોરેશિયસ વચ્ચે મજબૂત અને દાયકાઓ જૂની વિકાસલક્ષી ભાગીદારીનો પુરાવો છે તથા તે મહેશિયસ અને અગાલેગાની મુખ્ય ભૂમિ વચ્ચે શ્રેષ્ઠ કનેક્ટિવિટીની માંગપૂર્ણ કરશે,દરિયાઈ સુરક્ષાને મજબૂત કરશે અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. આપ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન મહત્વપૂર્ણ છે કારણ કે તે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બંને નેતાઓ દ્વારા મોરેશિયસમાં યુપીઆઈ અને રૂપેકાર્ડ સેવાઓની તાજેતરમાં શરૂઆતકરવામાંઆવી છે. મોરેશિયસના પ્રધાન મંત્રી મહામહિમ શ્રી પ્રવિન્દ જગન્નાથે જણાવ્યું હતું કે, મોરેશિયસમાં અગાલેગા ટાપુ ખાતે છ સામુદાયિક વિકાસ પરિયોજનાઓની સાથે નવી એરસ્ટ્રીપઅને સેન્ટજેમ્સ જેટીના સંયુક્તઉદઘાટન સાથેભારત અને મોરેશિયસ આજે ઇતિહાસ રચી રહ્યા છે. આ કાર્યક્રમને બંને દેશો વચ્ચેનીઅનુકરણીય ભાગીદારીનું પ્રતીક ગણાવીને પ્રધાનમંત્રી જગન્નાથેમોરેશિયસ અને ભારતના સંબંધોને નવું સ્વરૂપઆપવા બદલ પ્રધાનમંત્રી મોદીનોઆભાર માન્યો હતો તથા આજે ઉપસ્થિત રહેવા બદલ આભાર પણ વ્યક્ત કર્યા હતો, પ્રધાનમંત્રીજગન્નાથેજણાવ્યું હતું કે, 'અગાલેગામાં નવી હવાઈ પટ્ટી અને જેટી સુવિધાની સ્થાપના એ વધુ એક મોરેશિયસ સ્વપ્નની પૂર્તિ છે." તેમણે આ પ્રોજેક્ટને સંપૂર્ણ પણે નાણાકીય સહાય કરવામાં ભારતનાં યોગદાન ની પ્રશંસા કરી હતી.

તેમણે ભારત માં પદભાર સંભાળ્યા પછી આ ટાપુ રાષ્ટ્ર ને વિશેષ વિચારણા કરવા બદલ સરકાર અને મોરેશિયસની જનતા વતી પ્રધાનમંત્રીમોદીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે સમગ્ર વિશ્વમાં પ્રધાનમંત્રી મોદીનાં મજબૂત નેતૃત્વઅને મુત્સદ્દીગીરીની પ્રશંસા કરી હતી તથા ભાર પૂર્વક જણાવ્યું હતું કે, પ્રવાસી ભારતીયોએ પોતાને મૂલ્યો, જ્ઞાન અને સફળતાનાવૈશ્વિક પાવરહાઉસ તરીકે સ્થાપિત કરી છે. તેમણે માહિતી આપીહતી કે, મોરેશિયસ 'જન ઔષધિયોજના' અપનાવનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું છે. જે ફામાસ્યુટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઇસીસ બ્યૂરો ઓફ ઇન્ડિયા પાસેથી આશરે ૨૫૦ ઉચ્ચ ગુણવત્તાયુક્ત દવાઓનું સોર્સિંગ કરવાની મંજૂરી આપે છે, જેથી મોરેશિયસ સના લોકોને મોટા પાયે લાભ થશે અને બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધારે વેગ મળશે. વડા પ્રધાન જગન્નાથે તેમના સંબોધનનું સમાપન મોરેશિયસને આવા મોટા પરિવર્તન શીલ પ્રોજેક્ટ્સને સાકાર કરવામાં મદદ કરવા બદલ વડા પ્રધાન મોદીનો આભાર માનીને કર્યું હતું, જે દરિયાઈ દેખરેખ અને સુરક્ષામાં ક્ષમતાઓ અને ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે અને સાથે સાથે વિકાસના ઉદેશોને પણ પૂર્ણ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં દસ મહિનામાં મોરેશિયસનાં પ્રધાનમંત્રી મહામહિમ શ્રી પ્રવિંદ જગન્નાથ સાથે તેમની આ પાંચમી બેઠક છે, જે ભારત અને મોરેશિયસ વચ્ચે વાઇબ્રન્ટ, મજબૂત અને વિશિષ્ટ ભાગીદારીનો પુરાવો છે. તેમણે કહ્યું હતું કે, મોરેશિયસ ભારતની 'પડોશી પ્રથમ નીતિ'નું મુખ્ય ભાગીદાર છે અને વિઝન સાગર હેઠળ વિશેષ ભાગીદાર છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વૈશ્વિક દક્ષિણનાં સભ્ય તરીકે આપણી પ્રાથમિકતાઓ સામાન્ય છે અને છેલ્લાં ૧૦ વર્ષમાં બંને દેશો વચ્ચેનાં સંબંધોમાં અભૂતપૂર્વ ગતિ જોવા મળી છે અને પારસ્પરિક સહકારની નવીઊંચાઈઓ હાંસલ થઈછે.'જૂની ભાષાઅને સાંસ્કૃતિક સંબંધોને સ્પર્શતા પ્રધાનમંત્રીએ યુપીઆઈ અને રૂપેકાર્ડને યાદ કર્યું હતું, જેણે સબે ધોને આધુનિક ડિજિટલ કનેક્ટિવિટી પ્રદાન કરી છે. પ્રધાનમંત્રીએભારપૂર્વક જણાવ્યું હતું કે,બંને દેશોવચ્ચેની રાજકીય ભાગીદારીમાં વિકાસલક્ષી ભાગીદારી પાયાનો આધારસ્તંભ રહી છેઅને ભારતે જે વિકાસલક્ષી પ્રદાન કર્યું છે, તે મોરેશિયસની પ્રાથમિકતાઓ પર આધારિત છે, પછી તે RRઝેડની સુરક્ષા હોય કે પછી સ્વાસ્થ્ય સુરક્ષા. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતે હંમેશા મોરેશિયસની જરૂરિયાતોનું સન્માન કર્યું છે અને પ્રથમ પ્રતિસાદ આપનાર તરીકે કામ કર્યું છે." પ્રધાનમંત્રીએ આ ટાપુ રાષ્ટ્રને ભારતનાં લાંબા ગાળાનાં સાથસહકાર પર પ્રકાશ પાડ્યો હતો,પછીભલે તેકોવિડ રોગચાળો હોય કે ઓઇલનો ફેલાવો હોય. તેમણે કહ્યુંહતું કે, ભારતનો મુખ્ય ઉદેશ મોરેશિયસનાં લોકો માટે સહકારાત્મક પરિવર્તન છે. પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતે મોરેશિયસનાં લોકોને ૪૦૦ મિલિયન અમેરિકન ડોલર ની સહાય સાથે ૧,૦૦૦ મિલિયન અમેરિકન ડોલરની ક્રેડિટ લાઇન લંબાવી છે. તેમણે નોંધ્યું હતું કે, મોરેશિયસમાં મેટ્રો રેલ લાઇન, સામુદાયિક વિકાસ પ્રોજેક્ટ, સામાજિક આવાસ, ઈએનટી હોસ્પિટલ, સિવિલ સર્વિસ કોલેજ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસમાં પ્રદાન કરવા માટે ભારતનું સૌભાગ્ય છે. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્તકરી હતી કે, તેઓ વર્ષ ૨૦૧૫માં અગાલેગામાં લોકોને આપેલું વચન પૂર્ણ કરી શક્યા છે. "આજકાલ, ભાર તમાં આને મોટી કી ગેરંટી કહેવામાંઆવેછે. આજે સંયુક્તપણે ઉદ્ઘાટન કરવામાં આવેલી આ સુવિધાઓથી જીવનની સરળતા વધશે."

તે મોરેશિયસના ઉત્તર અને દક્ષિણ ભાગો વચ્ચે જોડાણમાં સુધારો કરશેઅને મુખ્ય ભૂમિ સાથે વહીવટી જોડાણમાં સુધારો કરશે. તેમણે જણાવ્યું હતું કે, તબીબી સ્થળાંતર અને રોગોના ભાળકોના પરિવહન નમાં સુધારો થશે. હિંદ મહાસાગર ક્ષેત્રમાંપરંપરાગત અને બિન-પરંપરાગતપડકારો કે જે બંને અર્થવ્યવસ્થાઓને અસર કરે છે તેનોઉલ્લેખ કરતાપીએમ માટીએ કહ્યું કેભારત અને મોરેશિયસ આ પડકારોનો સામનો કરવા માટે દરિયા ઇ સુરક્ષામાં ફુદરતી ભાગીદારો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "અમે હિંદ મહાસાગર ક્ષેત્રમાંસુરક્ષા, સમૃદ્ધિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા સક્રિયપણે કામ કરીરહ્યાછીએ. અમેએકસફલુઝિવ ઇકોનોમિક ઝોનની દેખરેખ, સંયુક્ત પેટ્રોલિંગ, હાઇડ્રોગ્રાફી અને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત જેવા તમામક્ષેત્રોમાં સહકાર આપી રહ્યા છીએ." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજે અગાલેગામાં એરસ્ટ્રીપઅને જેટીનું ઉદ્ઘાટન બંને દેશોવચ્ચે સહકારને વધારે ગાઢ બનાવશે, ત્યાર મોરેશિયસની બ્લ્યુ ઇકોનોમીને પણ મજબૂત કરશે. મોરેશિયસમાં જન ઔષધિ કેન્દ્રો સ્થાપિત કરવાના પ્રધાનમંત્રી જગન્નાથના નિર્ણયની પ્રશંસાકરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ સાથે જ મોરેશિય સ ભારતની જન ઔષધિ પહેલ સાથે જોડાનાર પ્રથમદેશ બનીગયો છે, જે વધારે સારી ગુણવત્તાની મેડ-ઇન-ઇન્ડિયા જેનેરિક દવાઓ પ્રદાન કરીમોરેશિયસનાં લોકોને લાભાન્વિત કરશે. સંબોધન ના સમાપન માં પ્રધાનમંત્રીએ મોરેશિયસનાં તેમના સમકક્ષ ને તેમના દૂરંદેશી દ્રષ્ટિ કોણ અને ગતિશીલ નેતૃત્વ માટે અભિનંદન પાઠવ્યાહતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી સમયમાં ભારત અને મોરેશિયસનાં સંબંધો નવી ઊંચાઈઓપ્રાપ્ત કરશે.

વિધાનસભા ખાતે સાયબર ક્રાઇમ અવરનેસ અંતર્ગત એક ખાસ કાર્યક્રમ યોજાયો

સાયબર હુમલો : આપણી સુરક્ષા, આપણા હાથમાં માહિતીપ્રદ ગુજરાતી નાટક પ્રસ્તુત કરાયું

રાજ્ય મંત્રી મંડળના તમામ સભ્યશ્રીઓ તેમજ તમામ ધારાસભ્યશ્રીઓએ સાયબર અવેરનેસ નાટક નિહાળ્યું

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા ખાતેઆજે ગૃહ રાજ્ય મંત્રી શ્રીહર્ષ સંઘવીદ્વારા સાયબર ક્રાઈમ અવરનેસ અંતર્ગત એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના મંત્રી મંડળના તમામ સભ્ય શ્રીઓ તેમજ તમામ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાયબર ક્રાઈમથીબચવા માટે શું કરવું અને શું ન કરવું? અને સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હોય તો શું કરવું? તે અંગે માર્ગદર્શન આપતું એક ગુજરાતી નાટક 'સાયબર હુમલો : આપણી સુરક્ષા, આપણા હાથમાં' ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ સેલદ્વારા પ્રસ્તુતકરવામાં આવ્યું હતું. આનાટકના માધ્યમથી વર્તમાન સમયમાં ગુનેગારો દ્વારા જે જે મોડસ ઓપરેન્ડીથી સાયબર ક્રૂમ કરવામાં આવી રહ્યા છે તે અંગે સૌ ઉપસ્થિત જનપ્રતિનિધિશ્રીઓને માહિતગાર કર્યા હતા.

સમગ્રરાજ્યમાં સાયબર ક્રાઈમ સંદર્ભે જનજાગૃતિ લાવવાના ઉદેશ સાથે વિધાનસભા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ જનપ્રતિનિધિઓને પણ પોતાના વિસ્તાર માં જનજાગૃતિ લાવવા આહવાન કરવામાં આવ્યું હતું.

પૂર્વપ્રધાનમંત્રીશ્રી મોરારજીભાઈદેસાઈની ૧૨૯મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી

કમલમ્ ન્યુઝ,

પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતની આઝાદીની ચળવળમાં અમૂલ્ય ફાળો આપનાર શ્રી મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મ જયંતી નિમિત્ત વિધાન સભા પોડિયમ ખાતે તેમના તૈલ ચિત્ર સમક્ષ મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તથા વિધાનસભાઅધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા, ઉદ્યોગમંત્રી શ્રીબલવંતસિંહ રાજપૂત, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, આદિજાતીવિકાસ મંત્રી શ્રી કુબેરભાઈડિંડોર, સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપરાંત મંત્રી મંડળના સભ્યો તથા ધારાસભ્યોએ શ્રી મોરારજીભાઈ દેસાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

દેશના વિકાસમાં પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું: ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

વર્ષ-૨૦૦૩ની પ્રથમ વાઇબ્રન્ટ સમિટથી દેશના અમૃતકાળની પ્રથમ વાઇબ્રન્ટ સમિટ સુધીની સફર દરમિયાન ગુજરાતની કાયાપલટ થઇ

છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચામાં પોતાના વિચાર વ્યક્ત કરતા મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,

ઉદ્યોગ મંત્રી શ્રી બ લવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરે ન્દ્રભાઈ મોદીના વિઝનઅને મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વહેઠળ ગુજરાતઆજે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. વડાપ્રધાનશ્રી જ્યારે ગુજ રાતના મુખ્ય મંત્રી હતા, ત્યારે વર્ષ ૨૦૦૩માં માત્ર ૩૦૦૦ ચો.મી.ની જગ્યા અને ૧૨ પડેલીગેટ્સ સાથેવાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત થઈ હતી. જેમાં ૬૬,૦૦૦ કરોડના 80 MoU થયા હતા. છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં યોજાયે લીપ્રથમ વાઈબ્રન્ટ સમિટ બાદ આ વર્ષ દેશનાનમૂનતકાળમાં યોજાયેલીપ્રથમ વાઈબ્રન્ટ સમિટ ની સફર દરમિયાન ગુજ રાતની કાયાપલટ થઈ ગઈ છે. ગુજરાત આજે માત્ર દેશમાં જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાનું આગવું સ્થાન ઘડી ચુક્યું છે, જે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદેશીઅને આગવા વિઝનને આભારી છે. તેમણે વધુમાંઉમેર્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટના પરિણામે છેલ્લા બ દાયકામાં ગુજરાતે સાતત્યપૂર્ણ વિકાસ કરી, જી.એસ.ડી.પી.માં ૧૪.૮૮%નો વિકાસદર હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં દેશના જી.ડી.પી.માં ગુજરાત રાજ્યનો ફાળો ૫.૧% હતો, જે આજે વધીને ૮.૨% થયો છે. આમ, દેશના વિકાસમાં ગુજરાતે પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી, દેશનાગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યની આ વિકાસ યાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીની શતાબ્દી એ તલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારતજ ૨૦૪૭નું આહ્વાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે રાજ્ય સરકારનો ધ્યેય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો શાનદાર પ્રારંભ કરાવ્યો, ત્યારે મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશ સાથે અમૃતકાળના આરંભની અનુભૂતિ થઈ હતી. ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ચાર દેશોના વડા સહિત ૧૩૦ કરતાં પણ વધુ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અમૃતકાળનીપ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાંવિવિધ દેશોના પ્રતિનિધિઓભારતની વિકાસયાત્રામાંમહત્વના સહયોગીબન્યા હતા. તેમ તેમણે ઉમેર્યું હતું. ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈએ છેલ્લાદિવસનો પ્રસ્તાવ રજૂ કરતાજણાવ્યું હતું કે, વેપાર અને વાણિજ્ય જેના લોહીમાં વહે છે, એવી છાપ ધરાવતા ગુજરાતીઓના વેપાર વાણિજ્ય ના પાંચ હજાર વર્ષનાઇતિહાસમાં વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રતિબિંબિત થાય છે. એ અર્થમાં ગુજરાતના આંગણે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આર્થિક ઉત્કર્ષની સાથે-સાથે સંસ્કૃતિઆદાન-પ્રદાન કરવા માટેનું એક મજબૂત મંચ બની રહી છે. ગુજરાતના સપૂતઅને વિશ્વમાનવ મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશને જીવંત કરતો મહાત્મા મંદિરના પ્રાંગણમાં યોજાતી ગુજરાત ગ્લોબલ સમિટ સમસ્ત વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા ત્રીસ વર્ષોમાં વાઈબ્રન્ટ સમિટ વૈશ્વિક સ્તરે નવા વિચારોને પ્લેટફોર્મ આપ્યું છે તેમજ નવા રોકાણો અને વળતર માટે નવો માર્ગ કંડાર્યો છે અને તે ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટસાથે જોડાયેલીજ્ઞાન ક્રાંતિઓ અને અનુભવો વહેંચવાનું ગ્લોબલ પ્લેટફોર્મબન્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં દેશ-વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડી રોકાણની તકો વિશે માહિતગાર કરી આ સમિટને સફળબનાવવાનો પુરોપ્રયત્ન કરવામા આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં આશરે ૪૫ લાખ કરોડથી વધુ રકમના ૯૮,૦૦૦થી વધુ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આનાથી રાજ્યના વિકાસનો પાયો મક્કર અને મજબૂત બન શે. ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ વિકાસની આ આશાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે આ આભાર પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે.

kamalam daily newspaper-28-02-2024

તંત્રી સ્થાનેથી.....

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી ૬ વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૯-૩૮ સુધીનાં પાંચ વર્ષનાં ગાળા માટે રૂ. ૧૫૦૪૯ કરોડનાં એક વખતનાં અંદાજપત્રીય સમર્થન સાથે ભારતમાં હેડક્વાર્ટર્સ સાથે ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (આઈબીસીએ)ની સ્થાપના કરવી વાઘ, અન્ય બિગ કેટ્સ અને તેની વધતી લુપ્તપ્રાય પ્રજાતિઓના સંરક્ષણમાં ભારતની અગ્રણી ભૂમિકાને સ્વીકારીને પ્રધાનમંત્રીએ વૈશ્વિક વાઘ દિવસ, ૨૦૧૮ના રોજ તેમનાં સંબોધન દરમિયાન એશિયામાંશિકાર પર અંકુશ લગાવવા માટે વૈશ્વિક નેતાઓનાં જોડાણની અપીલ કરી હતી. તેમણે ૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ભારતના પ્રોજેક્ટ ટાઈગરના ૫૦ વર્ષની ઉજવણીના પ્રસંગે આ વાતનો પુનરોચ્ચાર કર્યોહતો અને ઔપચારિક રીતેઆંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સ શરૂ કરવાની જાહેરાતકરી હતી, જેનો ઉદ્દેશ બિગ કેટ્સ અને લેન્ડસ્કેપ્સના ભવિષ્યને સુરક્ષિત કરવાનો છે. ભારતમાં વિકસિત થયેલી પથપ્રદર્શક અને લાંબા સમયથી ચાલતી વાઘ અને અન્ય બિગ કેટ્સની જાળવણીની સારી પદ્ધતિઓનું અન્ય ઘણાં દેશોમાં અનુકરણ થઈ શકે છે. સાત બિગ કેટ્સમાં વાઘ, સિંહ, ચિત્તા, સ્નો લેપર્ડ, પુમા, જગુઆર અને ચીતાનો સમાવેશ થાય છે, આ પાંચ બિગ કેટ્સમાંથી વાઘ, સિંહ, ચિત્તો, સ્નો લેપર્ડ અને ચિત્તા ભારતમાં જોવા મળે છે. ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની કલ્પના ૯૮ બિગ કેટ્સની રેન્જ ધરાવતા દેશોના મલ્ટિ-જન્ટી, મલ્ટિ-એજન્સી ગઠબંધન તરીકે કરવામાં આવી છે, જેમાં બિગ કેટ્સના સંરક્ષણમાં રસ ધરાવતા નોન-રેન્જ દેશો, સંરક્ષણ ભાગીદારો અને બિગ કેટ્સના સંરક્ષણના ક્ષેત્રમાં કામ કરતા વૈજ્ઞાનિક સંગઠનો ઉપરાંત બિગ કેટ્સના હિતમાં ફાળો આપવા ઇચ્છુક બિઝનેસ જૂથોઅને કોર્પોરેટ્સ, નેટવર્ક સ્થાપિતકરવા અને કેન્દ્રિત રીતે સુમેળ વિકસાવવા માટે એક સામાન્ય મંચ પર લાવી શકાય છે, જેથી એક કેન્દ્રીકૃતભંડાર એક સામાન્યમંચ પર લાવી શકાય, સફળ પદ્ધતિઓ અને કર્મચારીઓ, નાણાકીય સહાય દ્વારા સમર્થિત છે, જેનો ઉપયોગ બિગ કેટ્સની વસ્તીમાં ઘટાડાને રોકવા અને વલણને વિપરીતકરવા માટે ક્ષેત્રમાંસંરક્ષણ એજન્ડાને મજબૂત કરવા માટે કરીશકાય છે. રેન્જ દેશો અને અન્યોને એક સમાન મંચ પર લાવવા માટે, બિગ કેટ્સના એજન્ડા પર નેતૃત્વની સ્થિતિમાં આ એક નિદર્શનાત્મક પગલું હશે. આઈબીસીએનાઉદ્દેશસંરક્ષણએજન્ડાને આગળવધારવામાં પારસ્પરિક લાભ માટે દેશો વચ્ચે પારસ્પરિક સહકાર સ્થાપિત કરવાનો છે. આઈબીસીએવિવિધક્ષેત્રોમાંવિકસિત આધાર સ્થાપિતકરવાઅને જોડાણો સ્થાપિત કરવા માટે બહુઆયામી અભિગમ ધરાવે છે અને જ્ઞાનની વહેંચણી, ક્ષમતાનિર્માણ, નેટવર્કિંગ, હિમાયત, નાણાં અને સંસાધનોને ટેકો, સંશોધન અને ટેકનિકલ સપોર્ટ, શિક્ષણ અને જાગૃતિમાં મદદરૂપ થશે.

મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મજયંતીની ગૂજરાત વિદ્યાપીઠમાં ગરિમામય ઉજવણી

મુખ્ય સભાગૃહનું નામાભિધાન 'મોરારજી દેસાઈ મંડપમ' કરાયું : વિદ્યાપીઠના રેડિયોનું લોન્ચિંગ : કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મહાનુભાવો દ્વારા સ્વચ્છાંજલિ અર્પણ

ગાંધી વિચારના પુસ્તકોના ભંડારનો શુભારંભ કરાયો : નવી શિક્ષણ નીતિ અંતર્ગત શૈક્ષણિક વર્ષથી ગુજરાત વિદ્યાપીઠમાં નવો અભ્યાસક્રમ અમલી : અભ્યાસક્રમના પુસ્તકનું લોકાર્પણ

ગુજરાત વિદ્યાપીઠને સાંસ્કૃતિક, આધ્યાત્મિક શિક્ષણની સાથે સાથે ટેકનોલોજી સાથે જોડીને ભારતને વિકસિત બનાવવા માટે પ્રયત્નશીલ રહેવાનું છે:- કુલપતિ ડો. હર્ષદ પટેલ

મૂલ્યોના માર્ગે ગુજરાત વિદ્યાપીઠને પ્રગતિના પંથે લઈ જઈએ, એ જ મોરારજીભાઈ દેસાઈને સાચી અંજલી કહેવાશે : શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યૂઝ,અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ અને પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન શ્રી મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મજયંતીએ રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાપીઠ પરિસરમાં આવેલા મુખ્ય સભાગૃહનું 'મોરારજી દેસાઈ મંડપ' નામાભિધાન કર્યુંહતું. નવી શિક્ષણ નીતિ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ થી ગુજરાત વિદ્યાપીઠમાં અમલી થનારા નવા અભ્યાસક્રમના પુસ્તકનુંશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિમોચન કર્યું હતું. પૂજ્ય ગાંધીજીના વિચારો સામાન્યજન સુધી રેડિયોના માધ્યમથી પહોંચે એ માટે કાર્યરત થનાર ગુજરાતવિદ્યાપીઠનો 'રેડિયો - વેબ્બવંજન' પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોન્ચ કર્યો હતો. ગાંધી સાહિત્ય મેળવવા ઉત્સુક વાચકોને ગાંધીસાહિત્ય સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય એ હેતુથી અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના પ્રવેશદ્વાર નજીક, આશ્રમ રોડ પર જ પુસ્તક ભંડાર બનાવવામાંઆવ્યો છે. કુલાધિપતિ અને રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મંગલદીપ પ્રગટાવીને આ પુસ્તક ભંડારનો શુભારંભ કરાવ્યો હતો. શ્રી મોરારજીભાઈ દેસાઈને અંજલિ આપવા ગુજરાત વિદ્યાપીઠમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી કુલપતિ શ્રી ડો. હર્ષદ પટેલ, વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી અને પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ ઠાકર અને અન્ય મહાનુભાવોએશ્રી મોરારજીભાઈ દેસાઈને સ્વચ્છાંજલિ અર્પણ કરી હતી. શ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રી મોરારજીભાઈ દેસાઈને અંજલિ આપતાંકહ્યું કે ગુજરાતના વલસાડ જિલ્લાના નાનકડા ગામ ભદેલીમાં જન્મીને, અંગ્રેજો ના શાસનમાં સંઘર્ષ કરીને કલેકટર પદ સુધી પહોંચનાર શ્રી મોરારજીભાઈ દેસાઈ પૂજ્ય ગાંધીજીના સંપર્કમાં આવીને, કલેક્ટર પદ છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈ ગયા હતા. જીવનમાં ક્યારેય સિદ્ધાંતો સાથે બાંધછોડ નહીં કરનાર શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રધાનમંત્રી બન્યા. તેઓ સૌથી લાંબા સમય સુધી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિપદે રહ્યા. તેઓ મૂલ્યનિષ્ઠ અને આદર્શજીવન જીવ્યા. તેમણે કહ્યું કે, નાની-નાની વાતોથી જ વ્યક્તિ મહાન બને છે. નાના-નાના નિયમો અને સિદ્ધાંતો પરિવર્તનનું કારણ બને છે. પૂજ્ય ગાંધીજી અને શ્રી મોરારજીભાઈ દેસાઈએ દાખવેલા આદર્શો અને મૂલ્યોના માર્ગે ગુજરાતવિદ્યાપીઠને પ્રગતિના પંથે લઈ જઈએ, એ જ તમને સાચી અંજલી કહેવાશે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભારતરત્ન અને પાકિસ્તાનનુંસર્વોચ્ચ સન્માન 'નિશાન-એ-પાકિસ્તાન' બંને મેળવી હોય એવીએક માત્રવિરલ વિભૂતિ શ્રી મોરારજીભાઈ દેસાઈ દૃઢ ઈચ્છાશક્તિ ધરાવતા મહામાનવ હતા. સુવિધાઓના અભાવમાં ઉછરેલા મોરારજીભાઈએ સંઘર્ષ વેઠીને, તપસ્યા કરીને, કષ્ટો અને દુઃખોસહન કરીનેઠીતિહાસ રચ્યો છે. પ્રાકૃતિક ચિકિત્સાના હિમાયતી એવા શ્રી મોરારજીભાઈ દેસાઈ ખાનપાન, દિનચર્યા, પ્રમાણિકતા, આધ્યાત્મિકતા અને ચિંતનથી ૯૮ વર્ષનું પ્રેરણાદાયી જીવન જીવી ગયા.

મહામાનવ શ્રી મોરારજીભાઈ દેસાઈની ચેતના અને પ્રણામ પ્રણામપાઠવતાં તેમણે ગુજરાત વિદ્યાપીઠના સંચાલકો અને વિદ્યાર્થીઓને વિકસિત ભારત, આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે અને ભારતના વૈભવની પુનઃ સ્થાપના માટે સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. પૂર્વ શિક્ષણ મંત્રી અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ભારત દેશના અમુક જ એવા આગેવાનો છે, જેમની તિથિની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવે છે જેમાંથી એક નામ સ્વ.મોરારજીભાઈ દેસાઈનું છે. તેમણે સ્વ.મોરારજીભાઈ દેસાઈ સાથેની એક મુલકાતને યાદ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના એક આંદોલન દરમિયાન લાલદરવાજા ખાતેઆયોજિત એક બેઠકમાં મને મોરારજીભાઈ દેસાઈના દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તેઓ સરળ સ્વભાવના સ્પષ્ટવક્તા તેમજ નિર્મળ હાસ્ય સાથે નિઃસંકોચ પોતાના વિચારો વ્યક્ત કરતા હતા તેમતેમણે ઉમેર્યું હતું, તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આપણા દેશનું સૌભાગ્ય છે કે આવા નેતાઓ થકી દેશના વિકાસ થયો અનેઆજે પણ તેમના વિચારો આપણા સૌનું માર્ગદર્શન કરે છે. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડો. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ સ્વ.મોરારજીભાઈ દેસાઈની ૧૨૯મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠના સભાગૃહનું નામકરણ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે 'મોરારજી દેસાઈ મંડપમ' કરવામાં આવ્યું છે તેનો ખૂબ જ ઉત્સાહ અને આનંદ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, મોરારજીભાઈ દેસાઈ સૌથી વધુ લાબાં વખત ગુજરાત વિદ્યાપીઠનાં કુલપતિ રહી ચૂક્યા છે. આપણે સૌએ તેમના વિચારોને કેન્દ્રમાં રાખીને આગળ વધવાનું છે. અને ગુજરાત વિદ્યાપીઠને સાંસ્કૃતિક, આધ્યાત્મિક શિક્ષણની સાથે સાથે ટેકનોલોજી સાથે જોડીને ભારતને વિકસિત બનાવવામાટે પ્રયત્નશીલ રહેવાનું છે.

ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં વિવિધ જૂથોમાં સ્વચ્છતાકાર્ય કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા રનિંગ શિલ્ડ આપવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગત મહિને શ્રેષ્ઠ સ્વચ્છતાકાર્ય માટે આ રનિંગ શિલ્ડ શિક્ષણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અર્પણ કર્યા હતા. અંતમાંઆભારદર્શનકુલસચિવ શ્રી ડો. નિખિલ ભટ્ટે કર્યું હતું.

અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશન્સ પૂર્વે અંબાણી પરિવારની અન્નાસેવા

કમલમ્ ન્યૂઝ,જામનગર (ભરત ભોગાયતા)

● પોતાનીવર્ષો-જૂની પરંપરાને જાળવી રાખના, અંબાણી પરિવારે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ-વેડિંગ સેલિબ્રેશન્સ પૂર્વે રિલાયન્સની જામનગર ટાઉનશીપની આસપાસનાં ગામડાંમાં અન્નસેવા (સામુદાયિક ભોજન સેવા) શરૂ કરીને સમાજના સભ્યોના આશીર્વાદ મેળવ્યા છે. આ અન્નસેવાનો ૫૧,૦૦૦ સ્થાનિક નિવાસીઓને લાભ મળશે અને જામનગર અને તેની આસપાસનાં ગામોમાં આગામી કેટલાક દિવસો સુધી અન્નસેવા ચાલુ રહેશે.

● આજે રિલાયન્સટાઉનશીપની નજીક આવેલા જોગવડ ગામે શ્રી મુકેશ અંબાણી, શ્રીઅનંત અંબાણી અને સુશ્રી રાધિકા મર્ચન્ટ, સુશ્રી રાધિકા મર્ચન્ટના માતા-પિતા શ્રીવિરેન મર્ચન્ટ અને શ્રીમતીશૈલા મર્ચન્ટ તેમજ સુશ્રી રાધિકા મર્ચન્ટના નાની સહિતના અંબાણી અને મર્ચન્ટ પરિવારના સભ્યોએજાતે હાજરરહીને પોતાના હાથે પરંપરાગતગુજરાતી વાનગીઓ આસપાસના ગામોના લોકોને પિરસી હતીઅને તેમનાઆશીર્વાદ મેળવ્યા હતા.

● રાત્રિભોજન બાદ, ઉપસ્થિત સહુકોઈને લોક ડાયરા માટે આમંત્રિતકરાયાહતા, જ્યાં જાણીતાગુજરાતી ગાયકકિર્તીદાન ગઢવીએ લોકગીતોની રમઝટ બોલાવીને બધાને મંત્રમુગ્ધ કર્યા હતા.

● અંબાણી પરિવારે સદીઓ જૂની કહેવત, 'માનવ સેવા એ જ માધવ સેવા' – 'માણસની સેવાકરવી એ ઈશ્વરની સેવા કરવા બરાબર છે'ને ચરિતાર્થ કરી હતી. આ સિદ્ધાંતના ભાવને જાળવી રાખતા, તેમણે લોકોની સેવા કરીને તેમજ તેઓને ભોજન કરાવીને પોતાના દરેક શુભપ્રસંગની શરૂઆત કરવાની પરંપરાને નિભાવીછે અને સમાજ પ્રત્યે પોતાનીવચનબદ્ધતાને સુદૃઢ બનાવી છે.

અયોધ્યાના શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્રના અધ્યક્ષ પૂજ્ય મહંત શ્રી નૃત્ય ગોપાલ દાસજી રાજ્યપાલ શ્રીઆચાર્ય દેવવ્રતજીની મુલાકાતે રાજભવન પધાર્યા

કમલમ્ ન્યૂઝ,

અયોધ્યામાં શ્રીરામ મંદિરના નિર્માણ માટે ગઠિત સંસ્થાન શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના અધ્યક્ષ પૂજ્ય મહંત શ્રી નૃત્ય ગોપાલ દાસજી આજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે રાજભવન પધાર્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂજ્ય મહંત શ્રી નૃત્ય ગોપાલ દાસજીનું ઉષ્માભર્યું સ્વાગત કરીને આશીર્વાદ મેળવ્યા હતા. અયોધ્યાના સૌથી મોટા મંદિર મણિરામ દાસજીની છાવણીના અધ્યક્ષ તથા રામ જન્મભૂમિ ન્યાસના પ્રમુખ પૂજ્ય મહંત શ્રી નૃત્ય ગોપાલ દાસજી શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંસ્થાનના પણ પ્રમુખ છે. ૮૬ વર્ષના પૂજ્ય મહંતશ્રી નૃત્ય ગોપાલ દાસજી મહારાજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને શુભાશિષ અને શુભકામનાઓ પાઠવ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહાન શુભકાર્ય માટે પ્રસન્નતાપૂર્વક અહોભાવ વ્યક્ત કર્યો હતો.

નિરંકારી ભક્તો દ્વારા ગાંધીનગરના રાંધેસણ ખાતે આવેલ ધોળેશ્વર મહાદેવ મંદિર પાસેની સાબરમતી નદીએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું.

કમલમ્ ન્યૂઝ,

નિરંકારી મિશન ના વડા તથા હાલના સમયના સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ ના આદેશ અને માર્ગદર્શન અનુસાર તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ રવિવારે સવારે ૭ થી ૧૨:૦૦ વાગ્યા સુધીગાંધીનગરના રાંધેસણ ખાતે આવેલ ધોળેશ્વર મહાદેવ મંદિર પાસેની સાબરમતી નદીના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતાશ્રિમતજી એ યમુના નદી કિનારે છઠ્ઠ ઘાટ દિલ્હી થી આ પ્રોજેક્ટ નો શુભારંભ કરાવ્યા કર્યું, આપણા જીવન માં જળનુ બહુ મહત્વ છે તે અમૃત સમાન છે પરમાત્માએ આપણને સુંદર અને સ્વચ્છ સૃષ્ટિ આપી છે તેની સંભાળ રાખવી તે આપણી ફરજ છે. ગયા વર્ષેથી શરૂ કરવામાંઆવેલ પ્રોજેક્ટ અમૃત સ્વચ્છ જલ, સ્વચ્છ મન નો મુખ્ય ઉદ્દેશ એછે કે મોટાભાગના રોગોનું મૂળ કારણ પ્રદૂષિત પાણી છે પાણી સ્વચ્છ હશે તો શરીર સ્વસ્થ રહેશે. પાણી નો યોગ્ય ઉપયોગ, એની સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતતાલાવવાનો પ્રયાસ છે. આ અભિયાન એક જ દિવસે એક જ સમયે ભારતના ૨૭રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ ૯૦૦ શહેરોમાં લગભગ ૧૫૩૩ સ્થળોએ આયોજિત થયું. જેમાં લગભગ કુલ ૧૧ લાખથી વધુ સ્વયં સેવકોએ ભાગ લીધો. ગાંધીનગર, કલોલ, અને છત્રાલના નિરંકારી ભક્તોએ કેટલાય ટન કચરાને સળગાવી નાશ કર્યો, જ્યારે ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો. મહાનગરપાલિકાના સહ કારથી ટ્રેક્ટર દ્વારા ભરેલી નદીના વિસ્તારને ચોખ્ખો કરવામાં આવ્યો. આ પ્રયાસએક દિવસ માટે કે એક વ્યક્તિ માટે નહીં પણ આ પ્રયાસ બધાને માટે અને સદા ને માટે છે એમ સમજી બધા સહયોગ આપશો તો આ પ્રોજેક્ટ ને જે નામ આપવામાંઆવ્યું છે પ્રોજેક્ટ અમૃત એ સાર્થક થશે. આ સફાઈ અભિયાનમાં મંદિરના ટ્રસ્ટીશ્રીઓ, મહંતશ્રી, પૂજારીગણ સહિત સૌનો સુંદર સહયોગ સાંપડ્યો તેમ ગાંધીનગર સેક્ટર ૩૦ માં સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન માંથી કનૈયાલાલ દેવાણી નીયાદીજણાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસીત ભારત યાત્રાને દેશના ખુણે ખુણે પહોંચાડી છે : શ્રધ્ધાબેન જહા

હિંમતનગરના સરકીટહાઉસમાં જીલ્લાના પત્રકાર મિત્રો સાથે પરીચય બેઠક યોજાઈ

કમલમ્ન્યુઝ,ઈડબાલ મેમણ

હિંમતનગરના સરકીટ હાઉસ ખાતે ગુરૂવારે સાબરકાંઠા લોકસભા સીટના પ્રદેશના મિડીયા ઈન્ચાર્જ અને પ્રદેશ ભાજપ ડીજીટ ટીમના સદસ્ય તેમજ સહ પ્રવકતા શ્રધ્ધાબેન જહાએ સાબરકાંઠા જીલ્લાના પ્રિન્ટ તેમજ ઈલેકટ્રોનીકસ મિડીયા સહિતના પત્રકાર મિત્રો સાથે પરીચય બેઠક યોજી હતી. પરીચય બેઠકમાં પ્રદેશના મિડીયાઈન્ચાર્જ શ્રધ્ધાબેન જહાએ જણાવ્યુંહતુ કે વિશ્વ પટલ પર છવાયેલા આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓ, કિસાનો, ગરીબો, મધ્યમવર્ગીય નાગરીકો માટે અનેકવિધ યોજનાઓ ઘડી છે વાડાના માનવીને લાભાન્વીત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તદ્દઉપરાંત તેમણે વિકસીત ભારત યાત્રાના વિજન સાથે દેશના ખૂણે ખૂણે જ્યાં એક્સપ્રેસ હાઈવે, એઈમ્સ હોસ્પિટલ, ફલાય ઓવરબ્રીજો, વંદે ભારતટ્રેનો અને રેલવેના આધુનિકરણ સાથે વણથંભ્યા વિકાસકાર્યોની વણઝાર લગાવી છે અને તેનો સીધો લાભ સમગ્ર દેશની પ્રજાને થઈ રહ્યો છે. તેમણે ગુજરાતની દેવન ગરી દ્વારકામાં તાજેતરમાં જ લોકાર્પીત થયેલા સુદર્શનસેતુની યાદ અપાવી વધુમાંકહ્યુ હતુકે દરીયા વચ્ચે બેટ દ્વારકા જવાબનાવાયેલાસિગ્નેચર બ્રીજનો ઉપયોગઆપણા રાજય ની પ્રજા સાથે અનેક યાત્રીકોને મળવાનો છે. જે બ્રીજનુ આપણા વડાપ્રધાને લોકાર્પણ કર્યુ છે તેનો આપણે સોસાહિત આપણા સંતાનો પણ લાભ લેવાનાછે. વડાપ્રધાનની દેશ નીતી સાથે કાર્યપ્રણાલીની વિશ્વના દેશોએ નોંધ લેવી પડી છે. જે આપણા સૌ માટે ગૌરવરૂપ બાબત બની રહી છે. લોકપ્રિય વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીએ માત્ર ૧૦ વર્ષના પોતાના સુશાસન દરમ્યાન દેશની દિશા અને દશા બદલી કરોડો ગરીબોને આવાસ, વિજળી, ગેસ, જનધન ખાતા આપી ગરીબી માંથી બહાર કાઢવાનું ભગીરથ કાર્ય કર્યું છે. જેની દેશની પ્રજાએ પણ નોંધ લીધી છે ત્યારે આગામી લોકસભાની ચુંટણીઓ દરમ્યાન કેન્દ્ર અને ભાજપની રાજય સરકારોએ પ્રજાલક્ષી કાર્યો દ્વારા વિકસીત ભારતની યાત્રાને આગળ ધપાવી છે ત્યારે તેમાં આપ પણ સહયોગી બનશો તેવી આશા વ્યકત કરી છે. પરીચય બેઠકમાં સાબરકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, સાબરકાંઠા જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર પંજરભાઈ પ્રજાપતિ, યોગેશભાઈ દવે, દિવ્યે શભાઈ ભાવસાર અને મિડીયાના હોદ્દેદારોસહિત પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspaper-28-02-2024

પ્રધાનમંત્રી ૧થી ૨ માર્ચનાં રોજ ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને બિહારની મુલાકાત લેશે

ઝારખંડમાં રેલવે ક્ષેત્રને મોટું પ્રોત્સાહન મળશે; પ્રધાનમંત્રી રાજ્યમાં ત્રણ નવી ટ્રેનોને લીલી ઝંડી આપશે

પ્રધાનમંત્રી ઝારખંડમાં રૂ. ૩૫,૭૦૦ કરોડનાં મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧થી ૨ માર્ચ, ૨૦૨૪નાં રોજ ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને બિહારની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ૧ માર્ચનાં રોજ સવારે ૧૧ વાગે ઝારખંડનાં ધનબાદનાં સિંદરી પહોંચશે અને એક જાહેર કાર્યક્રમમાં સહભાગી થશે, જ્યાં તેઓ ઝારખંડમાં રૂ. ૩૫,૭૦૦ કરોડનાં મૂલ્યની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી બપોરે ૩ વાગે એક જાહેર કાર્યક્રમમાં સહભાગી થશે, જ્યાં તેઓ પશ્ચિમ બંગાળમાં હુગલીમાં આરામબાગમાં રૂ. ૭,૨૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસપરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ૨ માર્ચનાં રોજ સવારે ૧૦:૩૦ વાગે પશ્ચિમ બંગાળનાં નાદિયા જિલ્લાનાં કૃષ્ણનગર પહોંચશે, જ્યાં તેઓ રૂ. ૧૫,૦૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી બપોરે ૨:૩૦ કલાકે બિહારનાં ઔરંગાબાદમાં રૂ. ૨૧,૪૦૦ કરોડનાં મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. સાંજે ૫:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી બિહારના બેગુસરાય પહોંચશે, જ્યાં તેઓ એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે અને દેશભરમાં આશરે ૧.૪૮ લાખ કરોડ રૂપિયાના તેલ અને ગેસ ક્ષેત્રના અનેક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ અને શિલાન્યાસ કરશે, અને બિહારમાં ૧૩,૪૦૦ રૂપિયાથી વધુના મૂલ્યની અનેક વિકાસ યોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રીએ ઝારખંડનાં સિંદરીમાં

પ્રધાનમંત્રી ધનબાદનાં સિંદરીમાં જાહેર કાર્યક્રમનું ઉદઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે તથા ખાતર, રેલવે, વીજળી અને કોલસા ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી હિન્દુસ્તાન ઉર્વરક એન્ડ રસાયણ લિમિટેડ (એચયુઆરએલ) સિંદરી ફર્ટિલાઈઝર પ્લાન્ટ દેશને સમર્પિત કરશે. ૮૯૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલો આ ફર્ટિલાઈઝર પ્લાન્ટ યુરિયા સેક્ટરમાં આત્મનિર્ભરતા તરફનું એક પગલું છે. એનાથી દેશમાં દર વર્ષે આશરે ૧૨.૭ એલએમટી સ્વદેશી યુરિયાનું ઉત્પાદન થશે, જેનાથી દેશનાં ખેડૂતોને લાભ થશે. ગોરખપુર અને રામગુંડમમાં ખાતર પ્લાન્ટને પુનર્જીવિત કર્યા પછી, દેશમાં પુનર્જીવિત થનારો આ ત્રીજો ખાતર પ્લાન્ટ છે, જેને વડા પ્રધાને અનુક્રમે ડિસેમ્બર ૨૦૨૧ અને નવેમ્બર ૨૦૨૨ માં રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. પ્રધાનમંત્રી ઝારખંડમાં રૂ. ૧૭,૬૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં કેટલાંક રેલવે પ્રોજેક્ટનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સમાં સોન નગર-અંદલને જોડતી ત્રીજી અને ચોથી લાઈન સામેલ છે. તોરી-શિવપુર પ્રથમ અને દ્વિતીય અને બિરાટોલી-શિવપુર ત્રીજી રેલવે લાઈન (તોરી-શિવપુર પ્રોજેક્ટનો ભાગ); મોહનપુર- હંસડીહા નવી રેલવે લાઈન; ધનબાદ-ચંદ્રપુરા રેલવે લાઈન, વગેરે. આ યોજનાઓથી રાજ્યમાં રેલ સેવાઓનું વિસ્તરણ થશે અને આ ક્ષેત્રમાં સામાજિક-આર્થિક વિકાસ થશે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી ત્રણ ટ્રેનોને લીલી ઝંડી પણ આપશે. જેમાં દેવઘર- દિબ્રુગઢ ટ્રેન સેવા, ટાટાનગર અને બદામપહર (દૈનિક) વચ્ચે મેમુ ટ્રેન સેવા અને શિવપુર સ્ટેશનથી લાંબા અંતરની માલવાહક ટ્રેનનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ઝારખંડમાં ઉત્તર કરણપુરા સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ (એસટીપીપી), ચતરાના યુનિટ ૧ (૬૬૦ મેગાવોટ) સહિત મહત્વપૂર્ણ વીજ પ્રોજેક્ટ દેશને પણ સમર્પિત કરશે. ૭૫૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યમાં વિકસિત આ પ્રોજેક્ટથી આ વિસ્તારમાં વીજ પુરવઠો વધશે. તે રોજગાર નિર્માણને પણ વેગ આપશે અને રાજ્યમાં સામાજિક આર્થિક વિકાસમાં ફાળો આપશે. ઉપરાંત પ્રધાનમંત્રી ઝારખંડમાં કોલસા ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ પ્રોજેક્ટ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે.

કમલમ્ ન્યુઝ,

દક્ષિણ ગુજરાતના સપૂત વીર સ્વાતંત્ર્ય સેનાની અને ભારત રત્ન એવા દેશના પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈની જન્મજયંતિ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડુમસ-ચોપાટી, ડુમસ, સુરત ખાતે આવેલ શ્રી મોરારજીભાઈ દેસાઈ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લાના ભદેલી ગામમાં તા.૨૯/૦૨/૧૮૯૬ના રોજ જન્મેલા અને જુના મુંબઈ રાજયના મુખ્યપ્રધાન અને ત્યારબાદ દેશના વડાપ્રધાન બનેલા એવા ગાંધીવાદી વિચાર ધારાના પથદર્શી, નૈતિક મૂલ્યોને વરેલા, તંદુરસ્ત, સિદ્ધાંતવાદી તેમજ પ્રેરણાદાયી એવા મોરારજીભાઈ દેસાઈને માન. મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડૉ.નરેશ એસ. પાટીલ, શાસકપક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષ દંડકશ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી સોનલબેન દેસાઈ, તેમજ વિવિધ સમિતિના અદયક્ષાશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિ. અધિકારીશ્રીઓ, શાળાના બાળકો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરાંજલી સહવંદના કરી હતી.

પ્રધાનમંત્રી રઘુનાથપુર થર્મલ પાવર સ્ટેશનના બીજા તબક્કાનો શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી ઉત્તર કરણપુરા સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ, ચતરા દેશને સમર્પિત કરશે

પશ્ચિમ બંગાળમાં રેલવે, રોડ, એલપીજી પુરવઠો અને ગંદાપાણીના શુદ્ધિકરણ સાથે સંબંધિત અન્ય કેટલીક પરિયોજનાઓ મુખ્ય કેન્દ્રસ્થાન

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળનાં આરામબાગમાં

